જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૧/૨૦૨૨ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૦૧/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦ | ૩,૪૨,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૦૨/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૬ કેસ કરી, ૯૬ વ્યક્તિઓને ઝડપી, ૪૯૪ લીટર દેશી દારૂ, ૧૬૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬ બિયર ટીન, ૨ રિક્ષા અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તથા જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૦૩/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી ૯૩ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૨૦૦૪/૨૦૨૨

**અમરાઇવાડી**: નેહલભાઇ મહેશભાઇ ઠાકર (ઉ.વ.૪૭)(રહે.ધનલક્ષ્મી સોસાયટી સ્વામીનારાયણ મંદિર પાછળ મણીનગર) એ તા.૦૬/૧૧/૨૦૨૨ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૩/૨૦૨૨ થી તા.૦૧/૦૯/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ઉર્વીબહેન વિનોદરાય શુકલા (રહે.આનંદનગર, નીલકંઠ સીનેમાની સામે રાજકોટ) એ તેનો બાયોડેટા "ગુજરાત મિટ્રોમની" સાઇડ ઉપર મુકેલ હતો જે બાયોડેટા જોઇ નેહલભાઇએ ઉર્વીબહેનને લગ્ન કરવાની વાત કરતા, ઉર્વીબહેન અમરાઇવાડી કે.સી. રેસ્ટોરન્ટની સામે નેહલભાઇને રૂબરૂ મળી પોતે "થોડા સમયમાં નેહલભાઇ સાથે લગ્ન કરી લેશે તેવો વિશ્વાસ અને ભરોસો આપી, ઉર્વીબહેને પોતાની અલગ-અલગ જરૂરીયાત મુજબ નેહલભાઇ પાસેથી રૂપિયાની માંગણી કરી કુલ રૂપિયા ૧૬,૫૦,૦૦૦/- મેળવી લઇ, બીજા માંગણી કરેલ રૂપિયા નેહલભાઇએ આપવાની ના પાડતા ઉર્વીબહેને લગ્ન કરવાની ના પાડી નેહલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.વી.રાઠોડ ચલાવે છે.

## દાઝી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૨૦૦૫/૨૦૨૨

**વસ્ત્રાપુરઃ** મીત વિનોદભાઈ ખખ્ખર (ઉ.વ.૩૨) (રહે. જયઅંબેનગર ઉદગમ સ્કુલ પાસે થલતેજ) તા.૦૫/૧૧/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે રહેણાંકના ધાબા ઉપર કસરત કરવા ગયા હતા ત્યારે ધાબા ઉપર બાથરૂમમાં ગેસ ગીજર માં આગ લાગતા મીત ખખ્ખર દાજી ગયા હતા. સારવાર માટે તેમને સ્ટર્લીંગ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૧૧/૨૦૨૨ ના કલાક ૯/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઈ જોઈતાભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૦૬/૨૦૨૨**

**આનંદનગરઃ** અક્ષત નિશિથભાઈ દોશી (ઉ.વ.૧૭) (રહે. આકાશનિધિ એપાર્ટમેન્ટ રેડિયો મિર્ચી સેટેલાઈટ) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૧/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે રસ્સી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રભાઇ અમથાભાઇ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** સરસ્વતી વા/ઓ રસિકભાઇ મોરચીયા (ઉ.વ.૩૨) (રહે. ભમ્મરીયાનાં છાપરાંમાં સોલા બ્રિજ પાસે સોલા) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૧/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૧૧/૨૦૨૨ ના કલાક ૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

**દરિયાપુરઃ** કિર્તીભાઈ શંકરભાઈ પટેલ (ઉ.વ.૫૦) (રહે. લક્ષ્મી ભુવન મોટા વાઘજીપુરા દરિયાપુર) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૧/૨૦૨૨ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દરિયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી